For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સચિન-મગદલ્લા હાઈવે પર હવે ટ્રાફિક જામ નહીં થાય, નવા બે ફ્લાય ઓવરબ્રિજ પર આજથી વાહનો દોડશે


ગભેણી ફ્લાયઓવર બ્રિજ


બુડિયા ફ્લાયઓવર બ્રિજ

**હજીરા-ધુલિયા હાઈવે પર વાહનચાલકોને ત્રાસરૂપ સતત ટ્રાફિક જામનો પર્યાય બનેલી**

## બુડિયા અને ગભેણી ચોકડી પર નવનિર્મિત બંને ફ્લાય ઓવર બ્રિજનું આજે લોકાર્પણ

**ધારાસભ્ય** સંદીપ દેસાઈની રજૂઆતને પગલે રેકોર્ડ સમયમાં બનેલા બંને ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ કરશે

સુરતઃ સુરત જિલ્લાના હજીરા-ધુલિયા નેશનલ હાઇવે પર વર્ષોથી રોજગારી શોધતા લોકોને અને ગ્રામજનોને જીવના જોખમ સાથે સફર કરવાની ફરજ પડી રહી હતી. હવે આ હાઇવે માત્ર વ્યસ્ત રસ્તો નહીં રહે, પણ પરિવહન અને સુરક્ષાનો નવો માર્ગ બનવાનો છે. બંને ચોકડી ઉપર તૈયાર થયેલા

**અકસ્માતના બ્લોક સ્પોટ સમાન આભવા અને ખજોદ ચોકડી પર પણ 93 કરોડના ખર્ચે ફ્લાયઓવર બ્રિજ બનશે**

બુડિયા-ગભેણી ચોકડી બાદ હવે ચોમાસાની સિઝન પછી આભવા અને ખજોદ ચોકડી પર અંદાજિત 93 કરોડના ખર્ચે ફ્લાયઓવર બનાવવનો નિર્ણય લેવાયો છે. આ ફ્લાયઓવર બનશે એટલે આ વિસ્તારના તમામ ગ્રામજનોને ટુ વ્હીલર વાહનો પર અને પગપાળા હાઈવે ક્રોસ કરવાની રોજિંદી હાલાકીમાંથી મુક્તિ મળશે.

ફ્લાય ઓવરબ્રિજને આવતીકાલે શુક્રવારે સવારે 10 કલાકે કેન્દ્રીય

...અનુસંધાન પાના 5 પર

## કછોલીના ગેરકાયદે વોટર પાર્ક મામલે સુડા-પોલીસનો સરવે, ગમે ત્યારે સીલ લાગશે

**આ** ગેરકાયદે વોટર પાર્ક મામલે કોઈ જ પ્લાન મંજૂર નથી, નિયમોને કોરાણે મૂકવામાં આવ્યા છે

**હાઈટેન્શન** લાઈન પણ પસાર થતી હોવાથી હોનારતનું મોટું જોખમ રહેલું છે



**સુડા દ્વારા સરવે કરી લેવાયો છે, રિપોર્ટ રજૂ થતાં જ કાર્યવાહી કરાશે: સુડાના ઈ. સીઈઓ નિધી સિવાચ**

કછોલીના ગેરકાયદે વોટરપાર્ક મામલે સુડાના ઈન્ચાર્જ સીઈઓ અને સુરત મનપાના ડે.કમિ. નિધી સિવાચે જણાવ્યું હતું કે, સુડાના અધિકારીઓ દ્વારા આજે વોટરપાર્કનો સ્થળ સરવે કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં તેઓ રિપોર્ટ રજૂ કરશે. જેને પગલે આ વોટરપાર્કના સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

સુરતઃ બાંધકામની કોઈપણ પ્રકારની મંજૂરી વિના જ સચિન-પલસાણા હાઈવે પર કછોલી ખાતે ધમધમી રહેલા વોટર પાર્ક મામલે શરૂ થયેલી તપાસમાં આજે સુડા તેમજ પોલીસના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા સ્થળ સરવે કરવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં આ કમિટી દ્વારા રિપોર્ટ ઉચ્ચ અધિકારીઓને સોંપવામાં આવશે. જેને પગલે આ ગેરકાયદે વોટરપાર્કનો ખેલ ઉઘાડો પડી જશે. વોટરપાર્ક માટે વચેટિયાઓ દ્વારા એવું ધુપ્પલ ચલાવવામાં આવતું હતું કે બાંયધરી આપી દઈને વોટરપાર્ક ચલાવવામાં આવી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં આ ધુપ્પલનો પર્દાફાશ થશે. તમામ નિયમોનો ઉલાળિયો કરીને આ વોટરપાર્ક ચાલી રહ્યો હતો.

કછોલીમાં ચાલી રહેલા આ વોટર પાર્કની એક પછી એક ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. સુડામાં આ વોટરપાર્કની કે તેના બાંધકામની કોઈ જ નોંધ નથી. વચેટિયા સંચાલકોને ઉલ્લું બનાવી રહ્યા છે અને મંજૂરી લાવવાના નામે સંચાલકોને પણ છેતરી રહ્યા છે. આ જગ્યા પર બાંધકામનો પ્લાન મંજૂર કરાવવા માટે 40 ટકા જગ્યા હજુ સુધી કપાતમાં આપવામાં આવી નથી. જેને પગલે આ વોટરપાર્કનો બાંધકામનો પ્લાન મંજૂર થઈ શકે તેમ નથી. જેને પગલે આ વોટરપાર્ક ગેરકાયદે રીતે

...અનુસંધાન પાના 5 પર

## વેસુની હોટલમાં સોફ્ટવેર ઈજનેરે આત્મહત્યા કરી હોવાનો પીએમનો પ્રાથમિક રિપોર્ટ

**મલ્ટિપલ** ઇજાનાં નિશાનો મળી આવ્યાં, જાતેજ ઇજા કરી હોવાનું અનુમાન

**ચોક્કસ** માહિતી માટે બધા સેમ્પલો FSLમાં મોકલવામાં આવ્યાં

**મોબાઈલ ફોન, સીસીટીવી ફૂટેજની તપાસ**

સોફ્ટવેર ઈજનેરની મોત અંગે પોલીસે ઘટના આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી છે. પોલીસે આ સાથે અક્ષતના મોબાઈલ ફોનની પણ તપાસ કરી સમગ્ર ઘટના અંગે ઝિણવટભરી તપાસ હાથ ધરી છે.

સુરતઃ વેસુની હોટલમાંથી ઘાયલ અવસ્થામાં મળેલા ડુમસ રોડના સોફ્ટવેર ઈજનેરે આત્મહત્યા કરી હોવાનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમની પ્રાથમિક રિપોર્ટમાં જાણવા મળ્યું હતું. સોફ્ટવેર ઈજનેરના શરીર પરથી મલ્ટિપલ ઈજાના નિશાનો મળી આવ્યા હતા. જાતે જ ઈજા કરી હોવાનું અનુમાન હાલ પ્રાથમિક રિપોર્ટ પરથી જાણવા મળ્યું છે.

ઘટનાની વિગત એવી છે કે, ડુમસ રોડ પર આવેલા વિરભદ્ર હાઈટ્સમાં અક્ષત જિગ્નેશભાઈ શાહ (ઉં.વ.35) રહેતા અમે બેંગલોરની ખાનગી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી વર્ક ફોર્મ હોમ તરીકે કામ કરતાં હતા. સોફ્ટવેર ઈજનેર અક્ષત મંગળવારે બપોરે ઘરેથી ઓફિસના કામ માટે જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. બાદમાં સાંજે ચાર વાગ્યે તેઓ વેસુ વિસ્તારની આગમ વીત્યાના હોટલના ચોથા માળેથી ઘાયલ અવસ્થામાં નીચે પટકાયા હતા, દરમિયાન તેમને કોઈ રાહદારીએ જોતાં હોટલના સ્ટાફને જાણ કરી હતી. બાદમાં તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. બનાવને પગલે વેસુ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

અક્ષતને ડાબા હાથ, ગળા અને બંને પગની જાંઘમાં તીક્ષ્ણ હથિયારથી ઘા માર્યાના નિશાન મળી આવ્યા છે. તેમજ ચોથા માળેથી નીચે પડી ગયો હતો. સમગ્ર ઘટનામાં નવી સિવિલ હોસ્પિટલમાં અક્ષતના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં અક્ષતના શરીર

...અનુસંધાન પાના 5 પર

## કાપોદ્રામાં દેવીપૂજક સગીરની હત્યા પ્રકરણમાં પોલીસે નરાધમ હત્યારાનું સરઘસ કાઢ્યું

**બે** પગે ઊભા રહેવામાં પણ અસમર્થ હત્યારાએ હાથ જોડી લોકોની માફી માંગી, ઘટનાનું રિ-કન્ટ્રક્શન કરાયું



સુરતઃ કાપોદ્રામાં લક્ષ્મણનગર સોસાયટીમાં રહેતા પ્રભુ શેટ્ટીએ દારૂ પીવા માટે રૂપિયા આપવાનો ઈન્કાર કરનાર કિશોરની ઘાતકી હત્યાને પગલે સમગ્ર શહેરમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પોલીસ દ્વારા તાત્કાલિક આરોપીની ધરપકડ કરવામાં આવી દરમિયાન લક્ષ્મણનગરમાં રહેતો પ્રભુ રવિરામ શેટ્ટીએ તેની પાસે આવીને દારૂ માટે 20 રૂપિયાની માંગણી કરી હતી. જો કે, પરેશ વાઘેલાએ રૂપિયા આપવાનો ઈન્કાર કરતાં પ્રભુ શેટ્ટીએ તેના પર આડેધડ ચપ્પુના ઘા મારીને નાસી છૂટયો હતો. ઘટના અંગે જાણ

...અનુસંધાન પાના 5 પર

## MMTH: સુરત રેલવે સ્ટેશનની ફરતેના અનેક રૂટ એક વર્ષ માટે બંધ કરી દેવાયા

**નવા** રેલવે સ્ટેશનની આજુબાજુ બની રહેલા ફ્લાય ઓવર બ્રિજને વરાછા ફ્લાય ઓવર બ્રિજ સાથે જોડવામાં આવશે

સુરતઃ સુરત રેલવે સ્ટેશન મોર્ડનાઇઝેશનની કામગીરીના ભાગરૂપે વાહન વ્યવહાર સરળતાથી ચાલે તેવા આશયથી સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું બહાર પાડ્યું છે, જેમાં કેટલાક રૂટ્સ એક વર્ષ માટે બંધ કરવામાં આવ્યા છે.

સુરત ઈન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત રેલવે સ્ટેશન મોર્ડનાઇઝેશનની કામગીરીના ભાગરૂપે રેલવે સ્ટેશન, આજુબાજુ બનાવવામાં આવનાર નવા ફ્લાય ઓવરબ્રિજને વરાછા ફ્લાય ઓવરબ્રિજ સાથે જોડવા માટે કન્સ્ટ્રક્શનની કામગીરી કરવામાં આવશે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેમજ વાહન વ્યવહાર

...અનુસંધાન પાના 5 પર

### ભારે વાહનો અને લક્ઝરી બસો માટે વૈકલ્પિક રૂટ

- જાહેરનામા અનુસાર વરાછા મેઇન રોડ ઉપર આવેલા વૈશાલી ત્રણ રસ્તાથી સુરત સ્ટેશન તરફ જતા તમામ ભારદારી વાહનો /લક્ઝરી બસોને વૈશાલી ત્રણ રસ્તાથી આયુર્વેદિક ગરનાળા તરફ સુરત સ્ટેશન તરફ અવરજવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે. તેના વૈકલ્પિક રૂટ તરીકે વરાછા ફ્લાય ઓવરબ્રિજ ઉપરથી આવતાં ભારે વાહનો-લક્ઝરી બસો ફ્લાય ઓવરબ્રિજ ઊતરી વૈશાલી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ઉમિયાધામ સર્કલથી ભવાની સર્કલ જઈ ડાબે ટર્ન લઇ નગીનાવાડી રેલવે ઓવરબ્રિજથી કિરણ હોસ્પિટલ બાજુ ઊતરી જે-તે વિસ્તારમાં જઈ શકશે.
- કાપોદ્રા વિસ્તાર, ગાયત્રી સર્કલ, સીતાનગર સર્કલ, બોમ્બે માર્કેટ તરફ જતી હેવી ટ્રકો અને લક્ઝરી બસો કાપોદ્રા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી (અથવા હીરાબાગથી ડાબી બાજુ વળી) શ્રીરામ મોબાઇલ, રચના સર્કલ, ગાયત્રી સર્કલ થઈ રેશ્મા સર્કલ, સીતાનગર કાપોદ્રા વિસ્તાર અને જૂની બોમ્બે માર્કેટ થઇ સુરત શહેરમાં જઇ શકશે.
- વરાછાથી આયુર્વેદિક ગરનાળું પસાર કરી ડાબી તરફ રેલવે સ્ટેશન તરફ જતા તમામ પ્રકારનાં વાહનો ઉપર પ્રતિબંધ રહેશે. તેના વૈકલ્પિક રૂટ તરીકે વરાછા તરફથી આવી આયુર્વેદિક ગરનાળું પસાર કરી રેલવે સ્ટેશન જવા માટે લાલ

...અનુસંધાન પાના 5 પર

### સરકારી બસો માટે વૈકલ્પિક રૂટ

GSRTCની સરકારી બસો સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનથી આયુર્વેદિક ગરનાળા થઈ કામરેજ તરફ અવરજવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે. તેના વૈકલ્પિક રૂટ તરીકે (1) સુરત બસ સ્ટેશનથી કામરેજ તરફ જવા માટે ફાલસાવાડીથી સહરા દરવાજાથી સરદાર માર્કેટથી પરવટ પાટિયાથી કેનાલ રોડથી નેશનલ હાઇવે તરફ જે-તે વિસ્તારમાં જઇ શકશે. (2) કામરેજ તરફથી સુરત સ્ટેશન તરફ આવતી GSRTCની બસો સીમાડા ચાર રસ્તાથી ડાબે વળી સીમાડા કેનાલ ટી-પોઇન્ટથી જમણી બાજુ વળી પરવટ પાટિયાથી સરદાર માર્કેટ, સહરા દરવાજાથી અમિષા હોટલથી સ્ટેશન જઇ શકશે. આ આપવામાં આવેલા વૈકલ્પિક રૂટ ઉપર જતાં ભારદારી વાહનો તથા લક્ઝરી

...અનુસંધાન પાના 5 પર


**પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



સ્વ. પ્રવિણભાઈ પુનાભાઈ વિરાસ
સ્વ. તા. ૧૭-૦૪-૨૦૨૪

દુનિયામાં તમે નથી પણ હૃદયમાં તમારું અસ્તિત્વ છે,
ઘરમાં તમે નથી પણ રોમ-રોમમાં તમારું અસ્તિત્વ છે,
તમે હયાત નથી પણ તમારી યાદોનું અસ્તિત્વ છે,
ધરતી પર નથી પણ પ્રભુના ચરણોમાં તમારું અસ્તિત્વ છે,
તમારું આદર્શ જીવન, દયાળુ અને ભાવનાશીલ સ્વભાવ અમે ક્યારેય નહિ ભૂલીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. શોકાતુર
ગં.સ્વ. કેસરબેન પુનાભાઈ વિરાસ
ગં.સ્વ. લીનાબેન ગુણવંતભાઈ વિરાસ | ગં.સ્વ. ભાવનાબેન પ્રવિણભાઈ વિરાસ
હસમુખભાઈ પુનાભાઈ વિરાસ | જાગૃતિબેન હસમુખભાઈ વિરાસ
ડૉ. આદિત્ય પ્રવિણભાઈ વિરાસ | ડૉ. સોનમ આદિત્ય વિરાસ
વિક્રમ ગુણવંતભાઈ વિરાસ | સિધ્ધાર્થ ગુણવંતભાઈ વિરાસ
ક્રિષ્ના હસમુખભાઈ વિરાસ | ધ્વનિ હસમુખભાઈ વિરાસ
ડૉ. સોનલ પ્રવિણભાઈ વિરાસ

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે,
મૃત્યુ થવુ એ સમયની વાત છે,
પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં
જીવીત રહેવું, એ જીવનમાં કરેલા કર્મની વાત છે.
તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે હંમેશા જીવીત છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
ૐ શાંતિ ... ૐ શાંતિ ... ૐ શાંતિ ...

સ્વ. દક્ષાબેન હરીશચંદ્ર દેસાઈ
(સ્વ. ૧૭-૦૪-૨૦૨૪)

॥ લિ. ॥
હરીશચંદ્ર ડાહ્યાભાઈ દેસાઈ (પતિ)
કવિતા કમલેશભાઈ વશી (પુત્રી)
કમલેશ બીપીનચંદ્ર વશી (જમાઈ)
કૃતિ જયરંગભાઈ વશી (દોહીત્રી)
જયરંગભાઈ જયેશભાઈ વશી (દોહિત્ર જમાઈ)
ધ્રિતિ જયરંગભાઈ વશી
ફોરમ ધ્રુવકુમાર પટેલ (દોહીત્રી)
ધ્રુવકુમાર પંકજભાઈ પટેલ (દોહિત્ર જમાઈ)
તથા સમસ્ત દેસાઈ પરિવાર - નવસારી

**સુરત મોઢ વણિક દુઃખદ અવસાન - બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી વનરાજભાઈ કંચનલાલ ચશ્માવાળાનું અવસાન તા. ૧૬-૦૪-૨૦૨૫ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું બેસણું તા. ૧૭-૦૪-૨૦૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખેલ છે.
સેટેલાઈટ સોસાયટી કલબ હાઉસ, મુકામે રાખેલ છે.

લિ.
સ્વ. પૂર્ણિમાબેન વનરાજભાઈ ચશ્માવાળા
વિવેક (વીકી) વનરાજભાઈ ચશ્માવાળા
ભૈરવી શાહ (બહેન) રવિ શાહ (બનેવી)
ઈટન, અહાન, લિસા

સ્વ. વનરાજભાઈ કંચનલાલ ચશ્માવાળા
સ્વ. તા. ૧૬-૦૪-૨૦૨૫

નિવાસસ્થાન : ૭૯, સેટેલાઈટ બંગ્લોઝ સોસાયટી, દિલ્લી પબ્લિક સ્કૂલ પાસે, એરપોર્ટ સામેની ગલીમાં ડુમસ, સુરત.

**દુઃખદ અવસાન - બેસણું**



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી મણિબેન ડાહ્યાભાઈ પટેલ તા.૧૬/૪/૨૦૨૫ ના બુધવાર ના રોજ દેહવિલય થયા છે
સદ્ગતનું બેસણું તા.૧૮/૦૪/૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નોંધ : લૌકિક રિવાજ સદંતર બંધ રાખેલ છે
સરનામું: ગામ વડોદ, પટેલ ફળિયું, તા. સુરત

લિ. બળવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ
નરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરીશભાઈ ડાહ્યાભાઈ પટેલ
રાજેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
નિલેશ, દિવ્યેશ, ભાવેશ, ઝીલ, જેમ્સ, રૂહી, શ્રેયાન, યુવેન તથા સમસ્ત પરિવારજનો

સ્વ. મણિબેન ડાહ્યાભાઈ પટેલ
સ્વ. તા. ૧૬/૦૪/૨૦૨૫

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**દુઃખદ અવસાન / બેસણું**




દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્નીશ્રી પાર્વતીબેન મોહનભાઈ પટેલનું તા. ૧૬/૦૪/૨૦૨૫ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે
પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
સદ્ગતનું બેસણું તા. ૧૮.૦૪.૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્થળ : બી.જે. પટેલ બંગ્લો, અંબાજી માતાના મંદિર સામે, ભીમરાડ ગામ.

સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ
સ્વ. તા. ૧૬/૦૪/૨૦૨૫

શોકાતુર
મોહનભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. ચીમનભાઈ ભાણાભાઈ પટેલ | ગં.સ્વ.પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
હસમુખભાઈ ભાણાભાઈ પટેલ | સુશીલાબેન હસમુખભાઈ પટેલ
ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ | જૈકોરબેન ઈશ્વરભાઈ પટેલ
મુકેશભાઈ મોહનભાઈ પટેલ | મમતાબેન મુકેશભાઈ પટેલ
નરેશભાઈ મોહનભાઈ પટેલ | બિનીતાબેન નરેશભાઈ પટેલ
બંકિમભાઈ ચીમનભાઈ પટેલ | રૂપલબેન બંકિમભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ | કિર્તીબેન જીતેન્દ્રભાઈ પટેલ
પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ | અંકિતાબેન પ્રકાશભાઈ પટેલ
ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ | પ્રિયંકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ
ગૌતમભાઈ ઈશ્વરભાઈ પટેલ | આશિતાબેન ગૌતમભાઈ પટેલ
શ્રીનલ, પ્રિત, મિરેન, સેન, કિશ, કુશ, ભવ્ય, પંથ ફેની, રીંકલ, યક્ષિતા, ક્રિસ્ટીના, પલ, કેયા, દિપલ

**ચોથી પુણ્યતિથિ એ અશ્રુભીની શ્રધ્ધાંજલી**



માતા પિતાની સેવામાં અને તેમની દરેક ઈચ્છા પુરી કરવા માટે આખું જીવન સમર્પિત કરનાર. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી. તમે અમારી વચ્ચે નથી રહ્યા, પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશ અમારા હૈયે કોતરાયલી રહેશે. તમારો સ્મિત ભર્યો ચહેરો જે દૃષ્ટિમાંથી ભુલાઈ નહિ, અમોને આજીવન આપ ની ખોટ અનુભવાશે. જયાં સુધી જીવીશું ત્યા સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, અમે તમારા બાગમાં પંખી બની કિલ્લોલ કરતા હતાં. નિર્ભય તમારી છત્રછાયામાં મસ્ત બની ઉડાઉડ કરતા હતાં, ન હતી ફિકર કે ન હતી ચિંતા તમે હમારી ઢાલ બની બેઠા હતા, દયાળુ સ્વભાવ વાળા અમારા પપ્પા, બાળકો સાથે બાળકો જેવા, યૂવાનો સાથે યુવા જેવા દરેક વ્યક્તિ જોડે ભળી જનારા, કુટુંબ સગા સંબંધીઓનુ સગપણ સાથે લઈ ચાલનારા, પ્રભુ તમારા દિવ્ય આત્મા ને શાશ્વત શાંતિ અર્પે અને સદ્ગતિ આપે, એજ આમારી પ્રાર્થના.

સ્વ. શ્રી હરિવદન રતિલાલ પટેલ
સ્વ. તા. ૧૭/૦૪/૨૦૨૧
ચૈત્ર સુદ પાંચમ

લિ.
ગં. સ્વ. નયના હરિવદન પટેલ
મનિષ હરિવદન પટેલ
દિવ્યેશ હરિવદન પટેલ | પાયલ દિવ્યેશ પટેલ
ચેતનકુમાર રમેશભાઈ સારંગ | અવની ચેતનકુમાર સારંગ
પ્રિયશ, રુદ્ર

**શ્રદ્ધાંજલિ**



અ. સૌ. મીનાબેન નવીનચંદ્ર પટેલ
સ્વર્ગવાસ : રવિવાર, ૧૩ એપ્રિલ ૨૦૨૫
ચાલ્યા ગયા તમે મોક્ષનાં માર્ગે, છાયા તમારી ભૂલાતી નથી,
વિદાય તમે અણધારી લીધી, પળ પળ એક વિસરતી નથી.
દિલગીરી સહ જણાવવાનું કે નવીનચંદ્ર ઠાકોરદાસ પટેલના ધર્મપત્ની અ. સૌ. મીનાબેન નવીનચંદ્ર પટેલ તા. ૧૩/૦૪/૨૦૨૫ને રવિવારના રોજ અમેરિકા મુકામે દેવલોક પામેલ છે. એમના દિવ્ય આત્માને શાંતિ અર્થે પ્રાર્થના.
સંપૂર્ણ પરિવાર પરદેશ હોવાથી પ્રાર્થનાસભા/બેસણું બારડોલી મુકામે રાખેલ નથી
WhatsApp 88497 57037 પર શ્રદ્ધાંજલિ સંદેશો મોકલશો તો અમને રૂબરૂ મળ્યા તુલ્ય સમજીશું
માતૃત્વને ખરા અર્થમાં સમર્પિત તર્પણ કરીયે અને પ્રકૃતિ કે જે સૌની માતા છે તેના જતન માટે સદ્ગતના નામનું એક બીજ અંકુરિત કરીયે આવો એક વૃક્ષ વાવી, તેમની યાદોનું જતન કરીએ.

લિ.
નવીનચંદ્ર ટી. પટેલ
મનિષ નવીનચંદ્ર પટેલ | મિતેષ નવીનચંદ્ર પટેલ | હિરેન નવીનચંદ્ર પટેલ
અનિતા મનિષ પટેલ | નિકિતા મિતેષ પટેલ | નેહા હિરેન પટેલ